| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૦૨/૦૮/૨૦૨૦ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૨૮૮/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૫૦ | 3 | ૧૦૩૫૩ | ૧૬૪૦૪ | 3 | ૧૬૪૦૭ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૫ | ૦ | ૪૩૩૫ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૪ | ૦ | ૪૪ | ૨૦3 | ૦ | ૨૦3 |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૩૯૪૬ | ૧૭ | ૧૩૯૬3 | ૧૪૪૪૫ | ૨૮ | ૧૪૪૭3 |
| કુલ | | ૨૮૬૭૫ | ૨૦ | ૨૮૬૯૫ | 3૬૯03 | 3૧ | 3૬૯3૪ |

| પત્રક-૨ | | | |
| --- | --- | --- | --- |
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૦ | ૭,૪૪,૪૫૦/- |

| પત્રક-3 | | | |
| --- | --- | --- | --- |
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૦૮ | ૧,૨૧,૬૦૦/- |

# વાહનચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમબ્રાંચ :-**

## ચોરીનાં બે ટુ વ્હિલરો સાથે એક આરોપીને પકડી પાડી વાહન ચોરીના બે ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ

અમદાવાદ શહેર વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી વાહનચોરીનો ઉપદ્રવ વધી ગયેલ હોય અને આ વાહનચોરી કરનાર આરોપીઓને પકડી આવા વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂઉપરી અધિકારીશ્રીઓ તરફથી સુચનાઓ આપવામાં આવેલ હોય તેઓની સુચના મુજબ પો.ઇન્સ. શ્રી આર.એસ.સુવેરા નાઓના માર્ગદર્શન હેઠળ સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતાદરમ્યાન સ્કોડના હે.કો. કૌશીક ગોવિંદભાઇ તથા પો.કો.રમેશકુમાર હીરદેરામ નાઓને ખાનગી રાહે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે મણિનગર રેલ્વે ક્રોસિંગ ખાતે વોચ ગોઠવી એક ઈસમ મહંમદ જાફર @ મુન્ના સ/ઓ મોહંમદ યાસીન અંસારી ઉ.વ.૨૬ રહે.મ.નં.૧, હાજી ગફારની ચાલી, સબાબ હોટલની સામે, ઉષા ટોકીઝ રોડ, ગોમતીપુર, અમદાવાદ શહેર નાને પકડી પાડી તેની પાસેથી (૧) એક ગ્રે કલરનું એક્ટીવા નંબર UP-62-AZ-3881 કિરૂ.૨૫,000/- તથા (૨) હીરો હોન્ડા પેશન પ્રો. મોટર સાયકલ કિરૂ.૧૨,000/- ની મત્તાનું મળી કુલકિં.રુ.૩૭,000/- ની મત્તાનો મુદ્દામાલ રિકવર કરવામાં આવેલ છે.

### શોધાયેલ ગુન્હાઓ

(૧) વટવા જી.આઈ.ડી.સી. પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૪૫/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯

(૨) નિકોલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૫૨૦૦૯૦૭/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.

આ આરોપીએ આ સિવાય બીજાપણ આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ? તેમજ તેની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

# પશુ સંરક્ષણ અધીનિયમ ભંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ઇસનપુર પોલીસ સ્ટેશન :-**

## ઇસનપુર પોલીસ સ્ટેશન પાર્ટ-બી ગુ.ર.નં ૧૧૧૯૧૦૨૨૨૦૦૮૦૮/૨૦૨૦ પશુ સંરક્ષણ અધીનિયમ ૧૯૫૪ ની કલમ ૫,૬(ક),૬(ખ),૮,૧૦ તથા પ્રાણી ક્રુરતા નિવારણ અધીનિયમ ૧૯૬૦ ની કલમ ૧૧(ડી),૧૧(એલ) મુજબના ગુનાના વોન્ટેડ આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

**મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા અ.હેડ.કોન્સ સુરેશકુમાર જીવણભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમીથી** ઇસનપુર પોલીસ સ્ટેશન પાર્ટ-બી ગુ.ર.નં ૧૧૧૯૧૦૨૨૨૦૦૮૦૮/ ૨૦૨૦ પશુ સંરક્ષણ અધીનિયમ ૧૯૫૪ ની કલમ ૫,૬(ક),૬(ખ),૮,૧૦ તથા પ્રાણી ક્રુરતા નિવારણ અધીનિયમ ૧૯૬૦ ની કલમ ૧૧(ડી),૧૧(એલ) મુજબના કામના વોન્ટેડ આરોપી ઇકબાલહુશેન સ/ઓ અબ્દુલરજાક શેખ ઉ.વ ૩૧ રહે મ.ન ૬૯ શાહઆલમ, પટેલનુ મેદાન સરકારી શાળાની પાછલ કલદંરી મસ્જીદ દાણીલીમડા અમદાવાદ શહેર નાને આજરોજ તા.૦૧/૦૮/૨૦૨૦ ના કલાક ૧૭/૦૦ વાગે પકડી પાડવામા આવેલ છે. તા.૦૧/૦૮/૨૦૨૦



# જુગારના આરોપીની અટકાયતની વિગત

## જી.આઇ.ડી.સી. વટવા પોલીસ સ્ટેશન :-

## જુગારનો ગણનાપાત્ર કેસ શોધતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નરસાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી પ્રોહી જુગારની બદી નેસ્તોનાબુદ કરવા મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી બીપીન આહીરે સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'જે' ડીવીઝન રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને **પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.આર.ગોહિલ** નાઓના માર્ગદર્શન હેઠળ**સર્વેલન્સ પો.સ.ઈ સી.એમ.રાઠોડ** નાઓએ **મ.સ.ઈ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ બ.ન.૧૩૬૩૨ તથા લોકરક્ષક દિવ્યરજસિંહ રવિન્દ્રસિંહ બ.ન.૧૯૮૦ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે** સર્વેલન્સ ટીમના પોલીસ કર્મચારીઓની મદદથી જી.આઇ.ડી.સી. વટવા આયોજન નગર શાલીન -૫ ની પાસે ખુલ્લી જગ્યામાં રેઈડ કરતા : (૧) રતનેશસિંહ બિન્દેશસિંહ રાજપુત ઉ.વ.૨૩ રહે. ડી/૬૦૪ શાલીન હાઇટ્સ -૫ રીંગરોડ જી.આઇ.ડી.સી. વટવા અમદાવાદ શહેર (૨)જીતેન્દ્રસિંહ સેંધાસિંહ રાઠોડ ઉ.વ.૨૮ રહે.મ.ન.૩૩૮૦ વિનોબાભાવેનગર જી.આઇ.ડી.સી. વટવા અમદાવાદ શહેર (૩) આલોકકુમાર રામગીરીબ બીન્દ ઉ.વ.૨૬ રહે.મ.ન.૩૫૩૮ વિનોબાભાવેનગર જી.આઇ.ડી.સી. વટવા અમદાવાદ શહેર નાઓને **તા-૩૧/૦૭/૨૦૨૦ ના કલાક-૧૭/30 વાગે** (૧)રોકડ રકમ રૂ ૧૧,૫૪૦/- (૨) ગંજીપાના નંગ-૫૨ કિ રૂ ૦૦/૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૯૨૦૦૫૩૦/૨૦૨૦ થી જુગાર ધારા કલામ ૧૨ મુજબ ગુનો દાખલ કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવેલ છે.

## સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :-

## ૨૦ આરોપી અને ૪૭,૨૦૦/- રૂપિયાની રોકડ સાથે જુગારના ૦૨ કેસ કરતી સોલા હાઇકોર્ટ પોલીસ

સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગાર જેવી અસામાજીક પ્રવૃતીને સંદતર નેસ્ત નાબુદ કરવા સારૂ હુકમ કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા તથા સ્ટાફના માણસોએ બાતમી આધારે ચાંદલોડીયા, ગાયત્રીનગર, વિભાગ-૩ ના છાપરા રેલ્વે પાટાની પાસે આવેલ ખુલ્લી જગ્યામાંથી શ્રાવણીયો જુગાર રમતા ૦૯ ઇસમોને તેમજ તિરુપતિ આકૃતિ એપાર્ટમેન્ટ, છરોડી ગામ ખાતેથી ૧૧ ઈસમો સહિત કુલ ૨૦ આરોપીઓની જુગારધારા હેઠળના ૦૨ કેસ કરી ધરપકડ કરવામાં આવેલી છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૫૮૨ લીટર દેશી દારૂ, ૩૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૩૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૬૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૨૯૧/૨૦૨૦**

માધવપુરા : નજીરભાઇ ઇશાભાઇ મીયાણા (ઉ.વ.૪૬)(રહે.મોહનલોધાનીચાલી શનીદેવ મંદિર પાસે, ધોબીઘાટ દુધેશ્ર્વર) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૦૭/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી તા.૦૧/૦૮/૨૦૨૦ ના કલાક ૩/૦૦ વાગ્યા દરમ્યાન શકદાર આરોપી (૧) શાહરૂખ વલીમહમંદ સામતાણી (રહે.મોહનલોધાનીચાલી ધોબીઘાટ (૨)સોહીલ અનવરખાન પઠાણ અને (૩) સેજાન ઉર્ફે ભોલો મુન્નાભાઇ દીવાના (રહે.સુરેન્દ્રનગર) નાઓ ભેગામળી નજીરભાઇના મકાનના બીજા માળે આવેલ રૂમમાં પ્રવેશ કરી, તિજોરીના લોકરમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૬૪,૮૫૨/- તથા રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૯,૮૫૨/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.પરમાર ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૯૨/૨૦૨૦**

શાહીબાગ : સંકેત નરેંદ્રભાઇ જૈન (ઉ.વ.૨૪)(રહે.અરિહંત ટાવર શુભ કોમ્પલેક્ષની સામે, રાજસ્થાન હોસ્પીટલ રોડ, શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૮/૨૦૨૦ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિરણસિહ ચલાવે છે.

મેઘાણીનગર : રેશમાબેન વા/ઓ નરેશભાઇ ઝાપડીયા (ઉ.વ.૩૦)(રહે.જ્યંતીભાઇની ચાલી ચંદનનગર ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૮/૨૦૨૦ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના ધાબા ઉપર પોતાની જાત ઉપર કેરોસીન રેડી આગ લગાવી સળગી જઇ આત્મહત્યા કરી છે. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જ્યંતીલાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી